# સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર

## શૈક્ષણીક વર્ષ ૨૦૨૪-૨૫ માટે B.Sc. સેમ.- ૩ માં એડમીશન અંગે અગત્યની નોટીસ

તા. 29/06/2024

આથી સરકારી વિજ્ઞાન કોલેજ - ગાંધીનગર ના સેમેસ્ટર ૨ ના તમામ રેગ્યુલર વિદ્યાર્થીઓ ને જણાવવાનુ કે તેઓના સેમેસ્ટર-૩ માં પ્રવેશ માટે તા.૦૨-જુલાઈ-૨૦૨૪ થી ૦૪-જુલાઈ-૨૦૨૪ દરમિયાન બપોર ૧૨:૦૦ કલાક થી ૧૫:૦૦ કલાક દરમિયાન કોલેજ કાર્યાલયમાં (રૂમ નં-૨) કુ. ભુમિકાબેન ડોડીયા પાસેથી ફોર્મ મેળવી કોલેજ સત્ર ફી ભરવી તથા નીચે મુજબની સુચનાઓનું પાલન કરવાનુ રહેશે.

૧. પ્રવેશ ફોર્મમાં નામ, પિતાનું નામ, માતાનું નામ જેવી વિગતો BLOCK LETTERS માંજ ભરવી.
૨. પ્રવેશ ફોર્મ માં નામ, Enrolment number, last exam seat number(સેમ.- ૨) જેવી વિગતો ગુજ.યુનિ. માર્કશીટ પ્રમાણેજ ભરવી.
૩. પ્રવેશ ફોર્મ સથે જોળવાના આધાર/પુરાવા ની સ્વ-પ્રમાણીત નકલ:
   - સેમ.-૧ ની માર્કશીટ ની સ્વપ્રમાણીત નકલ
   - સેમ-૨ ની Gujarat University Admit card/College fee Receipt
   - School Leaving Certificate/Transfer Certificate ની સ્વપ્રમાણીત નકલ
   - જાતિનો દાખલો (જો લાગુ પડતું હોય તો)
૪. પ્રવેશ ફોર્મનાં પુષ્ઠ કોર તથા માઈનોર મલ્ટી વિષયો સ્પષ્ટપણે લખવા.
૫. ભરેલ પ્રવેશ ફોર્મ નીચે મુજબ ના અધ્યાપકશ્રી પાસે ચેક કરાવી જમા કરાવવાના રહેશે:

| | |
|---|---|
| સેમ-૧,૨ માં જે વિદ્યાર્થીઓ એ A ગ્રુપ સાથે અભ્યાસ કરેલ છે તેઓ એ → | Dr. V. B. Vansola (રૂમ. નં-૩૧)<br>Dr. H P Lakum (રૂમ નં ૨૧) |
| સેમ-૧,૨ માં જે વિદ્યાર્થીઓ એ B ગ્રુપ સાથે અભ્યાસ કરેલ છે તેઓ એ → | Dr.P.P.Prajapati (રૂમ. નં-૬)<br>Dr.A.A.Baakza (રૂમ. નં-N૬) |

નોંધ:

- પ્રવેશ સેમેસ્ટર ૧ માં જે મુજબ ગ્રુપની પસંદગી કરી છે તે મુજબ સેમેસ્ટર ૩ માં આપવામાં આવશે.
- પ્રવેશ મળ્યા બાદ વિદ્યાર્થીઓએ પ્રવેશ ફી ભરવાની રહેશે જે અંગે કોલેજ દ્વારા જાણ કરવામાં આવશે.
- એન્જીનીયરીંગ શાખામાં ડિપ્લોમાં કરેલ વિદ્યાર્થીઓ ને હાલ આ સંસ્થામાં સેમ-૩ માં પ્રવેશ આપવા આવતો નથી જેની નોંધ લેવી.

### સરકારી વિજ્ઞાન કોલેજ - ગાંધીનગરનાં રિપિટર્સ વિદ્યાર્થીઓ માટે

એ દર્શાવેલ તારીખ, સમય અને સુચના મુજબ ફોર્મ ભરવાનુ રહેશ. ઉપરાંત રિપિટર્સ વિદ્યાર્થીઓ પ્રવેશ લેવા માટે આગળ ના બધાજ સેમેસ્ટર ની Mark-sheet ની નકલ જોડવાની રહેશે. તેમજ રૂબરૂમાં Dr. B M Patel (રૂમ. નં-30) ને મળી સુચનમુજબ ફોર્મ જમા કરાવવાનું રહેશે.

અધ્યક્ષ
S.Y.B.Sc. પ્રવેશ સમીતી (૨૦૨૪-૨૫)
સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર

for આચાર્ય
સરકારી વિજ્ઞાન કોલેજ
સેક્ટર-૧૫, ગાંધીનગર

તમામ અપડેટ માટે કોલેજ વેબસાઈટ www.gscgandhinagar.in પર Admission→2024-25→ S.Y.B.Sc. પર જોતા રહેવું.

# સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર

## શૈક્ષણીક વર્ષ ૨૦૨૪-૨૫ માટે B.Sc. સેમ.- ૩ માં ગુજરાત યુનીવર્સીટી સલગ્ન અન્ય કોલેજ/ અન્ય યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં વિદ્યાર્થીઓ માટે એડમીશન અંગે અગત્યની નોટીસ

તા. ૨૯/૦૬/૨૦૨૪

અત્રેની કોલેજમાં સેમ-3 માં પ્રવેશ લેવા માગતા ગુજરાત યુનિવર્સિટી સલગ્ન અન્ય કોલેજના વિદ્યાર્થીઓ તેમજ અન્ય યુનિવર્સિટી સંલગ્ન કોલેજના ના વિદ્યાર્થીઓ ને જણાવવાનું કે તેઓએ તા.૦૨-જુલાઈ-૨૦૨૪ થી ૪-જુલાઈ-૨૦૨૪ દરમિયાન બપોર ૧૨:૦૦ કલાક થી ૧૫:૦૦ કલાક ના સમયગાળામાં રૂબરૂ હાજર રહી એક સાદા કાગળ ઉપર આચાર્યશ્રી સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ને સંબોધીને અરજી કરવાની રહેશે. આ અરજી માં વિદ્યાર્થી એ પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, ઈ-મેલ આઈડી, પોતાની હાલ ની કોલેજનું નામ, સેમ-૨ ના વિષય નું ગ્રુપ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. આ અરજી સાથે નીચે મુજબના આધાર પુરાવા જોડવાના રહેશે:

- તાજેતરનો પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ.
- સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ/ટ્રાંસ્ફર સર્ટિફિકેટ ની સ્વપ્રમાણિત નકલ.
- સેમ ૧ અને ૨ની માર્કશીટની સ્વપ્રમાણિત નકલ. જો સેમ-૨ ની માર્કશીટ આવેલ ન હોય તો સેમ-૨ ની Gujarat University Admit card ની સ્વ-પ્રમાણિત નકલ
- આધાર કાર્ડની સ્વ પ્રમાણિત નકલ
- અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ ના સંજોગ માં જાતિના પ્રમાણપત્ર ની સ્વ-પ્રમાણિત નકલ.
- ગુજરાત યુનિવર્સિટી સિવાય અન્ય યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓએ Provisional Eligibility Certificate ફરજીયાત પણે જોડવાનું રહેશે.
- બધા જ આધાર પુરાવા સાથેની આ અરજી કોલેજના રૂમ નં-૩૦ માં ડૉ. બી એમ પટેલને આપવાની રહેશે

**પ્રવેશ માટે અરજી કરતી વખતે નીચે મુજબની નોંધ સુચનાઓનું પાલન કરવાનું રહેશે:**

૧. સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે B.Sc. સેમ-૩ અને ૪ માં જે વિષય ગ્રુપ ભણાવવામાં આવે છે તેવા વિષયો વિદ્યાર્થીએ B.Sc. સેમ-૧ અને ૨ માં અભ્યાસ કરેલ હોવા જોઇએ, તેના આધારે જ B.Sc. સેમ-૩ અને ૪ માટે વિષય ગ્રુપ પસંદ કરવું.

૨. પ્રવેશ મેરિટને આધીન તેમજ વિષય ગ્રુપ માટેના સીટ મેટ્રીક્ષ પ્રમાણે ખાલી રહેતી બેઠકો પારજ આપવામાં આવશે.

૩. પ્રવેશ મળવાપાત્ર છે એવી જાણ થયા પછી જ વિદ્યાર્થીએ નીચે જણાવ્યા પ્રમાણે જરૂરી પ્રમાણપત્રો, આધાર રજુ કરી પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.

૪. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓએ અત્રેની કોલેજમાં એડમિશન મળવાપાત્ર છે એવી જાણ થયા પછી જ પોતાની કોલેજમાંથી N.O.C. કઢાવવાનું રહેશે. એ પહેલાં N.O.C. કઢાવશે તો તે અંગેની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.

૫. ગુજરાત યુનિવર્સિટી સિવાય અન્ય યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓએ અત્રેની કોલેજમાં એડમિશન મળવાપાત્ર છે એવી જાણ થયા પછી જ ગુજરાત યુનિવર્સિટીમાંથી એલિજિબિલીટી સર્ટિફિકેટ, પોતાની કોલેજમાંથી N.O.C. અને પોતાની હાલની યુનિવર્સિટીમાંથી માઈગ્રેશન સર્ટિફિકેટ કઢાવવાનું રહેશે. એ પહેલા N.O.C. કે અન્ય સર્ટિફિકેટ કઢાવશે તો તે અંગેની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.

૬. પ્રવેશ ફોર્મ સાથે ઉપર જણાવ્યા પ્રમાણે એલિજિબિલીટી, N.O.C., માઈગ્રેશન સર્ટિફિકેટ જમા કરાવી અને પ્રવેશ સુનિશ્ચિત કરવાનું રહેશે

૭. પ્રવેશ મળ્યા બાદ વિદ્યાર્થીએ પ્રવેશ ફી ભરવાની રહેશે જે અંગે કોલેજ દ્વારા જાણ કરવામાં આવશે

અધ્યક્ષ
S.Y.B.Sc. પ્રવેશ સમીતી (૨૦૨૪-૨૫)
સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર

for આચાર્ય
સરકારી વિજ્ઞાન કોલેજ
સેક્ટર-૧૫, ગાંધીનગર

તમામ અપડેટ માટે કોલેજ વેબસાઈટ www.gscgandhinagar.in પર Admission→2024-25→ S.Y.B.Sc. પર જોતા રહેવું.